**અનુસુચિત જનજાતિના શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે આદિજાતિ વિકાસ ખાતા હસ્તક રચાયેલ વિજીલન્સ સેલમાં મંજૂર થયેલ હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.**

ગુજરાતસરકાર
આદિજાતિવિકાસવિભાગ
ઠરાવક્રમાંક :અજપ/૧૧૨૦૧૮/ન.બા.૧/ચ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૦૩/૦૩/૨૦૨૧

**વંચાણેલીધા :-**

૧) નામદાર સુપ્રિમ કોર્ટ, નવી દિલ્હીની સ્પે.સીવીલ અપીલ નં.૫૮૫૪/૧૯૯૪નો ચુકાદો
૨) સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ) વિભાગના ઠરાવક્રમાંક-અજપ/૧૦૯૭/૧૬૪૯/ચ, તા.૨૦/૦૭/૨૦૦૦
૩) આ વિભાગના ઠરાવ ક્રમાંક-અજપ/૧૯૯૭/૧૬૪૯/ચ, તા.૨૮/૦૫/૨૦૧૦
૪) આ વિભાગનો તા.૦૩/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૧/ચ
૫) આ વિભાગનો તા.૨૨/૦૩/૨૦૧૯નો સુધારા ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૧/ચ
૬) આ વિભાગનો તા.૧૫/૦૬/૨૦૧૯નો સુધારા ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૧/ચ
૭) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૬/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: આવિ/મકમ/૦/ફા.નં.૩૩૧૩/૨૦૨૧/૨૦૫

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક -(૨) હેઠળના ઠરાવથી રાજયમાં અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્ર ધારકોના કિસ્સામાં શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે રાજય કક્ષાની વિશ્લેષણ સમિતિ નિમવામાં આવેલ છે. જેની પુન:રચના વંચાણે લીધા ક્રમાંક-(૩) હેઠળના ઠરાવથી કરવામાં આવેલ છે.

ઉકત વંચાણે લીધા ક્રમાંક-(૧) મુજબ કુમારી માધુરી પાટીલ વિરૂદધ એડીશનલ કમિશનર, આદિજાતિ વિકાસ, કોંકણ ડિવીઝન સામેના કેસમાં નામ.સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદામાં શંકાસ્પદ કે ખોટા જણાતા જાતિપ્રમાણપત્રોની ખરાઈ અને સામાજીક દરજ્જા આધારીત પ્રમાણપત્રોનું વિશ્લેષણ અને માન્યતા આપવા વિશ્લેષણ સમિતિ હસ્તક એક વિજીલન્સ સેલની રચના કરવા નિર્દેશ કરવામાં આવેલ. જેથી, ઉકત સંદર્ભ (૪) હેઠળના ઠરાવથી કુમારી માધુરી પાટીલ કેસના જજમેન્ટમાં અપાયેલ નિર્દેશ અનુસાર વિજીલન્સ સેલની રચના કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક:૫ પરના ઠરાવથી અને ૬ પરના સુધારા ઠરાવથી વિજીલન્સ સેલ માટે મંજૂર થયેલ હંગામી જગ્યાઓ તા:૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવામાં આવેલ. જેને વંચાણે લીધા ક્રમાંક:૭ પરના પત્રથી કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ જગ્યાઓ ચાલુ રાખવાની મુદત તા:૨૮/૦૨/૨૦૨૨ સુધી લંબાવવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે વિજીલન્સ સેલમાં નીચે મુજબ મંજૂર થયેલ ૦૮(આઠ) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | નાયબ જીલ્લા પોલીસ અધિક્ષક | ૧ | ૦૧ |
| ૨ | શોસ્યલ એન્થ્રોપોલોજી વિષયના નિવૃત અધ્યાપક | ૧ | ૦૧ |
| ૩ | મામલતદાર | ૨ | ૦૧ |
| ૪ | પોલીસ ઇન્સ્પેક્ટર | ૨ | ૦૧ |
| ૫ | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી | ૩ | ૦૧ |
| ૬ | ડેટા એન્ટ્રી ઓપરેટર કમ જુનીયર કલાર્ક | ૩ | ૦૧ |
| ૭ | ડ્રાઇવર | ૩ | ૦૧ |
| ૮ | પટાવાળા | ૪ | ૦૧ |
| **કુલ જગ્યાઓ** | | | ૦૮ (આઠ) જગ્યાઓ |

"આ અંગેનો ખર્ચ **માંગણી ક્રમાંક:૯૩** આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨ અનુસૂચિત જનજાતિ અને અન્યપછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૦૦૧ નિર્દેશ અને વહીવટ,પેટા સદર- (૦૧) વીકેવાય-૫૩ વહીવટીતંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે."

આ ઠરાવની અન્ય શરતો અગાઉના તા.૦૩/૦૪/૨૦૧૮ના ઠરાવ મુજબની યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૨/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આઇ.એ.દેસાઇ)**
**ઉપ સચિવ**
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

H:\Pratik 2021 Ch Branch\Order Hukam\AJP-112018-n.baa. - 1-Ch Vigilance Cell Mahekam.docx